પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૨ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૭, સોમવાર ; ભાદરવા વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સોપિયનમાં બે ત્રાસવાદી ઠાર

## એક ત્રાસવાદી જીવિત ઝડપાયો : ચારેબાજુથી ઘેરાઈ ગયા બાદ ત્રાસવાદીએ શરણાગતિ સ્વીકારી : ઝડપાઈ ગયેલો ત્રાસવાદી લશ્કરે તોઇબાનો

શ્રીનગર, તા. ૧૦

જમ્મુ કાશ્મીરના સોપિયન જિલ્લામાં સુરક્ષા દળો સાથેની ભીષણ અથડામણમાં આજે બે ત્રાસવાદીઓ ઠાર થયા હતા. જ્યારે અન્ય એક ખતરનાક ત્રાસવાદીને ઘાતક હથિયારો સાથે જીવતો પકડી લેવામાં આવ્યો હતો. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પૈકી એક ત્રાસવાદીની ઓળખ હિઝબુલ મુઝાહીદીનના તારીક ભટ્ટ તરીકે થઈ છે. બીજી બાજુ એક ત્રાસવાદીને સુરક્ષા દળોએ જીવતો પકડી પાડ્યો હતો. તે લશ્કરે તોઈબાનો હોવાનું જાણવા મળ્યું છે અને તેની ઓળખ અદીલદાર તરીકે થઈ છે. દાર ત્રણ મહિના અગાઉ લશ્કરે તોઈબા સાથે જોડાયો હતો. આ અથડામણની શરૂઆત શનિવારે મોડી રાત્રે થઈ હતી. જે આજે દિવસ દરમિયાન જારી રહી હતી. તાજેતરના મહિનાઓમાં આ એવી પ્રથમ ઘટના છે જ્યારે કોઈ ત્રાસવાદીએ અથડામણ દરમિયાન શરણાગતિ સ્વીકારી હતી. એન્કાઉન્ટર બાદ પોલીસે આ આતંકવાદીની ઓળક જાહેર કરી હતી. ચારેબાજુથી ઘેરાઈ ગયા બાદ આ ત્રાસવાદીએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. જમ્મુ કાશ્મીરના પોલીસ અધિકારીઓએ તેને ખાતરી આપી હતી કે, તેને મારી નાંખવામાં આવશે નહીં. ત્યારબાદ તે મકાનના કાટમાળમાંથી બહાર આવ્યો હતો અને પોલીસ અધિકારીઓની સામે એકે ૪૭ રાયફલ અને હથિયારો મુકી દીધા હતા. આદીલ સોપિયાના ચીટીપોરા વિસ્તારનો નિવાસી છે. પુછપરછ માટે તેને તરત જ ત્યાંથી લઈ જવાયો હતો. ઘટનાસ્થળથી અન્ય એક ત્રાસવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો.

ઠાર થયેલો તારીક અહેમદ અનેક આતંકવાદી હુમલામાં સામેલ રહ્યો હતો. જમ્મુ કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક એસપી વૈદ્યએ કહ્યું હતું કે, જે લોકોએ હથિયારો ઉઠાવ્યા છે તેઓ આત્મસમર્પણ કરી શકે છે. સરકાર તેમના મામલામાં ઉદાર વલણ અપનાવીને વિચારણા કરશે. સુરક્ષા દળોએ સોપિયામાં ઈમામ સાહિબ વિસ્તારમાં શનિવારે સાંજે કેટલાક મકાનોને ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યું હતું. ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. સુરક્ષા દળો ઓપરેશન ચલાવી રહ્યા હતા ત્યારે ત્રાસવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

## ન્યુઝ ટ્રેક

### લાલુ યાદવ હાજર નહી થાય

લાલુ યાદવ અને તેજસ્વી યાદવ અનુક્રમે આજે અને આવતીકાલે સીબીઆઈ સમક્ષ હાજર નહી થાય. રેલવે હોટલ ટેન્ડર કેસમાં સીબીઆઈએ તેમને સમન્સ પાઠવ્યું હતું.

### જેઠમલાણીએ નિવૃત્તિ જાહેર કરી

દેશના જાણીતા અને વરિષ્ઠ એડવોકેટ રામ જેઠમલાણીએ સાત દાયકાની વકીલાત બાદ આજે વ્યવસાય નિવૃત્તિની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે રામજેઠમલાણી ૯૪ વર્ષની ઉંમરે પણ ગઈકાલ સુધી પ્રેકટીસ કરતા હતા.

### મોદી ૧૬મી ઓક્ટોબરે વધુ એક વખત ગુજરાતની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૧૬મી ઓક્ટોબરે રાજયભરના ભાજપના પેજ પ્રમુખોના સંબોધન માટે ગુજરાતની મુલાકાત લેશે. એમ કહેવાય છે કે ચૂંટણીની જાહેરાત ૧૭મી ઓક્ટોબરે કરવામાં આવશે.

### બનાવટી બાબાની યાદી જાહેર કરાઈ

અખિલ ભારતીય અખાડા પરિષદના મહંત નરેન્દ્રગીરીએ દેશના બનાવટી બાબાઓની યાદી જાહેર કરતા ચકચાર મચી ગઈ હતી. જોકે યાદીમાં આસારામ, રામપાલ, રામરહિમ, રાધેમા અને નારાયણ સાંઈ જેવા વિવાદી બાબાઓનો સમાવેશ થાય છે.

## મેક્સિકો ધરતીકંપમાં મૃતાંક ૧૧૦ થયો

મેક્સિકો,તા. ૧૦

મેક્સિકોમાં આવેલા સદીના સૌથી શક્તિશાળી અને વિનાશકારી ધરતીકંપમાં મોતનો આંકડો વધીને આજે ૧૧૦ ઉપર પહોંચ્યો હતો. મોતનો આંકડો હજુ પણ વધુ ઉપર જઈ શકે છે. કારણ કે મોટી સંખ્યામાં હજુ પણ લોકો લાપત્તા હોવાના અહેવાલ મળ્યા છે. દક્ષિણી ઓક્સાકા પ્રાંતમાં ૯૦ લોકોના મોત થઈ ચુક્યા છે. આ ઉપરાંત અન્ય પ્રાંતોમાં પણ ખુવારી થઈ હોવાના અહેવાલ મળ્યા છે. ચિયાપાસમાં ૧૫ લોકોના મોત થયા છે. ગુરુવારે ૮.૧ની તીવ્રતાનો પ્રચંડ આંચકો આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ઈમારતો અને મકાનો ધરાશાયી થઈ ગયા હતા. આફ્ટરશોક્સનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.



ભલે પધારો - જાપાનના પ્રધાનમંત્રી શિન્જો એબે બુધવારે રાજ્યના મહેમાન બનવાના છે... એમના સ્વાગત માટે અમદાવાદ-ગાંધીનગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... મુખ્યમાર્ગો અને મુખ્ય ઈમારતો શણગારાઈ છે... અમદાવાદ-ગાંધીનગરની સરકારી અને કેટલીક બિનસરકારી ઈમારતો પર રોશની ઝળહળાટ રવિવારની સાંજથી જ જોવા મળ્યો હતો... સાબરમતી નદી પરના તમામ બ્રિજ પર રોશની કરાઈ છે... ગાંધીનગરના મહાત્મા મંદિર અને આસપાસના વિસ્તાર પણ રોશનીથી ઝળહળે છે...

## આગામી સપ્તાહથી બજેટ કવાયત વિધિવત આરંભાશે

### ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી યોજાશે : જેટલી સતત પાંચમુ બજેટ રજૂ કરશે : બજેટ કવાયતને લઇ તૈયારી શરૂ થઇ

નવીદિલ્હી,તા. ૧૦

જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદ ભારતના પ્રથમ કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯ ઉપર કામ આગામી સપ્તાહમાં શરૂ થશે. નાણામંત્રાલય દ્વારા જુદી જુદી પ્રક્રિયાઓ માટે સમય મર્યાદા જારી કરી દીધી છે. ફેબ્રુઆરી મહિનામાં બજેટ રજૂઆત સાથે આ પ્રક્રિયા ચાલશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા આ સંપૂર્ણ બજેટ તરીકે રહેશે. પહેલી જુલાઈના દિવસે ભારતના સૌથી મોટા ટેક્સ સુધારા જીએસટીને અમલી બનાવી દેવામાં આવ્યા બાદ હવે સામાન્ય ચૂંટણી પહેલા સરકારના છેલ્લા સંપૂર્ણ બજેટ તરીકે પણ આને ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે બજેટની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે.

કસ્ટમ ડ્યુટી, સેન્ટ્રલ એકસાઈઝ, સર્વિસ ટેક્સના વડાઓ હેઠળ ટેક્સ રેવેન્યુ પ્રોજેક્શનની પ્રક્રિયા યોજાઈ ચુકી છે. એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ જીએસટીમાં મર્જ કરી દેવામાં આવ્યા બાદ આના આંકડા પણ ઉપયોગી સાબિત થનાર છે. જીએસટીના રેટ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે બજેટની પ્રક્રિયા ખુબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.





યુવા ટાઉન હોલ - સોશ્યલ મિડિયામાં લોકપ્રિય બની રહેલ 'યુવા ટાઉનહોલ' કાર્યક્રમ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ દ્વારા યોજાયો હતો... અમદાવાદના દિનદયાલ ઓડિટોરીયમમાં બેસીને રાજ્યના ૩૧૦ સ્થળો પર એકી સાથે સંબોધન કર્યું હતું અને યુવાનોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા... પાટીદાર આંદોલન, ઓબીસી, જીએસટી, નોટબંધી, બેરોજગારી જેવા વિવાદાસ્પદ મુદ્દાઓ પણ છેડાયા હતા...

## બાબાના ડેરામાં સર્ચ કામગીરી પૂર્ણ

### ફટાકડાની ફેક્ટરી, વિસ્ફોટકો, સુરંગ અને દવા પ્રથમ બે દિવસ દરમિયાન મળ્યા બાદ નવી નવી ચીજો મળી આવી



સિરસા, તા. ૧૦

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને સાવચેતીના પગલારુપે આજે પણ ડેરા સચ્ચા સૌદાના હરિયાણાના સિરસા નજીક હેડક્વાર્ટરમાં સર્ચ ઓપરેશન આજે સતત ત્રીજા દિવસે હાથ ધરવામાં આવ્યા બાદ મોડેથી સર્ચ કામગીરી પૂર્ણ જાહેર કરાઈ હતી. હવે હાઈકોર્ટને રિપોર્ટ સોંપવામાં આવશે. આજે પ્રક્રિયા વહેલી સવારે શરૂ થઈ ગઈ હતી. મોટી સંખ્યામાં અધિકારીઓ અને સુરક્ષા જવાનો આમા જોડાયા હતા. શનિવારના દિવસે એક ગુફા અને ગુરમિત રામ રહીમ સિંહના ગુપ્ત સ્થળોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. મહિલા શિષ્યોની હોસ્ટેલના ક્વાર્ટરો અંગે પણ માહિતી મળી હતી. તે પહેલા તપાસ દરમિયાન ગેરકાયદે હથિયાર બનાવવાની ફેક્ટરી પકડી પડાઈ હતી. એકે ૪૭ના કારતુસના ખાલી બોક્સ, ફટાકડાઓના જંગી જથ્થાને પણ કબજે કરવામાં આવ્યો હતો. વોકીટોકીનો જથ્થો પણ મળી આવ્યો હતો. રેપના મામલામાં જેલની હવા ખાઈ રહેલા વિવાદાસ્પદ ગુરમીત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના હેડક્વાટર્સમાં વ્યાપક સર્ચ ઓપરેશન આજે ત્રીજા દિવસે પણ યથાવતરીતે જારી રહ્યુ હતુ. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશ બાદ શુક્રવારના દિવસે શરૂ થયેલા વ્યાપક ઓપરેશન આજે ત્રીજા દિવસે જારી રહેતા તપાસનો

● અનુસંધાન પાન-૭ પર

## ચીનનો સામનો કરવા સરહદે રેલ્વેની જાળ બિછાવવા ભારતની તૈયારી

### સરહદ પર માર્ગ નિર્માણની પ્રક્રિયા પણ ઝડપી : ચીન સરહદ ઉપર આવેલા વિસ્તારોમાં માર્ગ પ્રોજેક્ટની સાથે સાથે રેલ્વેની જાળ બિછાવવા સર્વે કામગીરી કરાઈ

નવીદિલ્હી,તા. ૧૦

ડોકલામ વિવાદ બાદ ભારતે જ્યાં એકબાજુ ચીની સરહદથી જોડાયેલા વિસ્તારોમાં માર્ગો સાથે સંબંધિત પ્રોજેક્ટોને ગતિ આપી દીધી છે. બીજી બાજુ રેલવેની જાળ બિછાવવા માટે પણ સર્વેની કામગીરી ઝડપી કરી દેવામાં આવી છે. ચીન ઝડપથી સરહદી વિસ્તારોમાં માર્ગો અને રેલવેની જાળ બિછાવી રહ્યું છે જેમાં તેને હાલમાં ભારત પર વ્યૂહાત્મક લીડ મળેલી છે. હવે ભારત પણ તેનો સામનો કરવા માટે સરહદ ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ચીની સરહદ સાથે જોડાયેલા વિસ્તારોમાં વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ચાર રેલવે લાઈનની યોજનાને અમલી બનાવવાની તૈયારી ચાલી રહી છે. આ ચાર લાઈનો ઉપર સર્વે માટે સરકારે ૩૪૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી દીધી છે. જેમાં સંરક્ષણ મંત્રાલય તરફથી ૮૭ કરોડ રૂપિયા ૨૦૧૬-૧૭ માટે જારી કરવામાં આવી ચુક્યા છે. રેલવે રાજ્યમંત્રી રાજેન ગોહને ગયા વર્ષે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, જે ચાર સ્ટ્રેટેજીક રેલવે લાઈનની તૈયારી ચાલી રહી છે તેમાંથી એક વેસ્ટર્ન ફ્રન્ટ ઉપર અને બાકી ત્રણ ઈસ્ટર્ન ફ્રન્ટ ઉપર બનાવવામાં આવનાર છે.

સર્વેની કામગીરી વધુ ઝડપી કરી દેવામાં આવી છે. બીજી બાજુ ડોકલામ જેવા પડકારોને પહોંચી વળવા માટે આવનાર કેટલાક વર્ષોમાં નવી વ્યૂહરચના સાથે ભારત આગળ વધનાર છે. ડોકલામ જેવા ભાવિ વિવાદોને ટાળવા સરહદ ઉપર માર્ગ નિર્માણની કામગીરી તીવ્ર કરવામાં આવી છે. ઉંચાઈ ઉપર સ્થિતિ કેટલાક મહત્વપૂર્ણ માર્ગોના નિર્માણને વર્ષ ૨૦૨૦-૨૧ની સમય મર્યાદા પહેલા પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ભારત ચીન સરહદ ઉપર કુલ ૬૧ રોડ પ્રોજેક્ટો ચાલી રહ્યા છે જેને ૨૦૨૧ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે.

## ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચ માટે ભારતીય ટીમ જાહેર

### ટીમમાં કુલદીપ, ચહેલ ઇન : અશ્વિન અને જાડેજા આઉટ : પાંચ વનડે મેચોની શ્રેણીની પ્રથમ વનડે મેચ ૧૭મી સપ્ટેમ્બરે રમાશે જ્યારે અંતિમ વનડે પહેલી ઓક્ટોબરે રમાશે

નવી દિલ્હી,તા.૧૦

બીસીસીઆઈની પસંદગી સમિતિએ ઓસ્ટ્રેલિયાની સામે રમાનારી વનડે શ્રેણીની શરૂઆતની ત્રણ મેચો માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી હતી. પાંચ મેચોની શ્રેણીની પ્રથમ મેચ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે રમાશે જ્યારે છેલ્લી વનડે મેચ પહેલી ઓક્ટોબરના દિવસે રમાશે ત્યારબાદ ત્રણ ટી-૨૦ મેચો રમાશે. શરૂઆતની ત્રણ મેચોમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજાને સ્થાન આપવામાં આવ્યું નથી. આ સિરીઝ માટે ચાઈનામેન કુલદીપ યાદવની પસંદગી કરવામાં આવી છે. શ્રીલંકાને તેના ઘરમાં જ હારમાં ચાવીરુપ ભૂમિકા ભજવનાર અશ્વિનને પાંચ મેચોની વનડે શ્રેણીમાં આરામ આપવાનો નિર્ણય કરાયો છે.

હવે પ્રથમ ત્રણ મેચમાં પણ જગ્યા આપવામાં આવી નથી. હાલમાં જ શ્રીલંકાની સામે વનડે ટી-૨૦ શ્રેણીમાં રમી ચુકેલા મોટાભાગના ખેલાડીઓ સ્થાન જાળવવામાં સફળ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની સામે ટીમ ઈન્ડિયામાં ઝડપી બોલર ઉમેશ યાદવ અને મોહમ્મદ સામીની વાપસી થઈ છે. શ્રીલંકાની સામે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કરનાર શાર્દુલ ઠાકુરને ટીમમાં જગ્યા મળી નથી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ધો.૧૨ નાપાસ ??? હોટલ મેનેજમેન્ટનો કોર્ષ કરો
Call : 9512021471

નવા નિયમો અમલમાં આવે તે પહેલા ફાઈલ કરવા સંપર્ક કરો.
અમેરિકાનું ગ્રીનકાર્ડ ઝડપથી મેળવી, સીટીઝન થવું ખુબ જ સહેલું અને તે પણ પુરા ફેમિલી માટે.!!
MCFI USA
INVEST 5 Lacs $ (Approx. ₹ 3.25 crore) in USA & avail GREEN CARD for FAMILY
info@mcfiusa.com
www.mcfiusa.com
99099 91381 • 98242 99776